।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૮, ફેબ્રુઆરી–૨૦૨૪, રૂા. ૫.૦૦/–



## ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રન્યાસ દ્વારા શ્રીરામજન્મ સ્થળે નયન રમ્ય મંદિરમાં દિનાંક ૨૨-૧-૨૦૨૪ ના રોજ શ્રીરામ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહા મહોત્સવ ઉજવાયો



શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેન્યાસ દ્વારા ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતને ઉત્સવ માટેનું આમંત્રણ અપાયું



ભારત દેશના સનાતન ધર્મના સંતો, ગણ્યમાન્ય વ્યક્તિ વિશેષો, દેશ-વિદેશોના ૮૦૦૦ થી વધુ વી વી આઇ પી પ્રતિનિધિઓની પાવન ઉપસ્થિતિમાં શ્રી રામ ભગવાનની નૂતન મંદિરમાં પધરામણી મહોત્સવ ધામધૂમથી રંગે ચંગે ઉજવાયો. જેમાં સંપ્રદાયના તેમજ ભુજ મંદિરના સંતોની પણ ઉપસ્થિતિ રહિ











અયોધ્યામાં ૨૨/૧/૨૦૨૪ ના રોજ શ્રીરામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દિનાંકે
ભુજ મંદિરમાં દીપોત્સવ તથા ભુજ શહેરમાં ભવ્ય રથયાત્રાનું આયોજન કરાયું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૧૨ ફેબ્રુઆરી-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

''रामो राजमणि सदा विजयते रामं रमेशं भजे ।''

તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૪ વિ.સં.૨૦૮૦ પોષ સુદ-૧૨ નો દિવસ ભારત માટે અને સનાતન હિન્દુ ધર્મ માટે એક સીમાચિહ્નરૂપ ઐતિહાસિક ઘટનાનો અતિ મહત્ત્વનો દિવસ છે. ૫૦૦ જેટલા વર્ષોના સંઘર્ષમય વિવાદને અંતે સનાતનનો વિજય થતાં આ દિવસે અવધપુરી એટલે અયોધ્યામાં પ્રાચીન રામ મંદિરના જ સ્થળે નવા રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું અને તેમાં ભગવાન શ્રીરામલલ્લાની ભવ્ય અને દિવ્ય મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક સમગ્ર દેશના ધાર્મિક સ્થાનોના સંતો, મહંતો, ધર્મગુરુઓ, રાજકીય મહાનુભાવો, મંત્રીઓ, સામાજિક કાર્યકરો અને સમર્પિત લાખો હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આ નિમિત્તે અનેક આયોજનો અને પૂર્વ તૈયારીઓ કરાઇ હતી, અને સમગ્ર ભારતવર્ષ ભગવા રંગે રંગાઇ ગયો હતો. અને સનાતન ધર્મની એક લહેર ભારતવર્ષ પર ફેલાઇ ગઇ હતી. ભારતના મોટા શહેરોથી માંડીને ખૂણે ખૂણામાં આવેલા ગામોમાં પણ ગલીએ ગલી અને દરેક ઘરો ઉપર સુવર્ણાક્ષરે અંકિત ''શ્રીરામ'' લખેલી ભગવા રંગની વિજય પતાકાઓ ફરકી રહી હતી. અને સમગ્ર દેશ ઉપરાંત વિદેશમાં વસતા હિન્દુ પરિવારો પણ આ વિજયોત્સવમાં હર્ષઉલ્લાસ સાથે ઉમંગભેર જોડાયા હતા. અને અવધપુરી ઉપરાંત સમગ્ર ભારતવર્ષમાં દિપાવલી જેવો માહોલ ઉત્પન્ન થયો હતો.

બાબરી મસ્જિદ અને રામ મંદિરના આ સંઘર્ષમય વિવાદમાં શ્રીરામ મંદિર બનાવવા માટે હજારો હિન્દુઓએ તન-મન-ધનથી પૂરી લગન સાથે શ્રીરામ મંદિર બનાવવા માટેના પ્રયત્નોમાં પૂરેપૂરું જીવન સમર્પિત કરી દીધું હતું. સનાતન હિન્દુ ધર્મના વિજય અને શ્રીરામ મંદિરના નિર્માણ માટે આરંભાયેલા આ મહાયજ્ઞમાં ૪૯૨ વર્ષો દરમિયાન અનેક હિન્દુઓએ પોતાના જીવનની આહુતિઓ અર્પણ કરી દીધી. જેના પરિણામ સ્વરૂપ આજે અયોધ્યા નગરીમાં નૂતન શ્રીરામ મંદિરનું નિર્માણ શક્ય બન્યું છે.

અયોધ્યા નગરી ભગવાન શ્રીરામની જન્મભૂમિ તો છે જ પણ આપણા સંપ્રદાયના પ્રવર્તક ઉદ્ધવતાર જગદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનો જન્મ પણ અયોધ્યા નગરીમાં જ થયો હતો. અને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસહજાનંદ સ્વામીની મહત્ત્વની કર્મભૂમિ પણ અયોધ્યા હતી.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આ ઐતિહાસિક ઘટના પ્રસંગે કરવામાં આવેલા આયોજનો ઉપરાંત બાબરી ઢાંચો અને શ્રીરામ મંદિરના વિવાદની સીલસીલાબંધ વિગતો આ અંકમાં અન્યત્ર પ્રકાશિત કરવામાં આવેલ છે. તેથી આ ઘટનાના મહત્ત્વને આપણે સમજી શકીએ અને કેટલો મોટો વિજય પ્રાપ્ત કરેલ છે તે જાણી શકીએ.

આ ઘટનાએ સનાતનીઓની શક્તિ અને હિન્દુઓના સંગઠનની પ્રતીતિ સમગ્ર વિશ્વના વિધર્મીઓને કરાવી દીધી છે. ભગવાન શ્રીરામ હિન્દુત્ત્વની આ સંગઠિત શક્તિમાં વૃદ્ધિ કરતા રહે અને હાલમાં જે ઉત્સાહ-ઉમંગ અને ઉમળકો છે તેવી ધર્મ પ્રત્યેની લાગણી સદૈવ જળવાઈ રહે તેવી ભગવાન શ્રીરામના ચરણોમાં પ્રાર્થના સહ જય શ્રીસ્વામિનારાયણ....

## ભુજ મંદિર દ્વારા થતાં સત્કાર્યો

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ ભગવદ્‌જીવન દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞાથી આ વર્ષે શિયાળાની ઋતુમાં ગરીબો માટે ૨૦૦૦ ધાબળા, ૩૦૦૦ સ્વેટર, ૫૦૦૦ ફૂડપેકેટ તથા કુતરા માટે રોટલાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી તથા ઓસ્ટ્રેલિયાથી પધારેલ પ.ભ. અક્ષય દીપક રાઘવાણી તથા સામત્રાના પ.ભ. જાદવજી નાથા વરસાણીએ ભુજથી લઈને રાપર સુધી રસ્તામાં ભુજ, ભુજોડી, હિરાપર, મોડસર, દુધઈ, જરૂ-ખોખરા, કંથકોટ, આધોઈ, સણવા, આડેસર, ગાગોદર, સેલારી, કલ્યાણપર, રત્નેશ્વર, સગ્રામસર તથા આજુબાજુ વાંઢોમાં રહેલા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરી રાજીપો મેળવ્યો હતો. આવા સત્કાર્યો ભુજ મંદિર દ્વારા હર હમેશ થતા રહે છે.

મકરસંક્રાતિના પુણ્યકાળમાં કચ્છમાં ગાયોને ૪૦ ગુણી ભૂસો-૧૫૦૦ કિલો ગોળ તથા ૧૫ ગાડી કડબ તથા કુતરાને રોટલા, પક્ષીને ચણ અને કિડિયારું પુરાવામાં આવ્યું હતું.

અહેવાલ-સ્વામી ભક્તિચરણદાસજી

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીધામમાં રજત જયંતી-વૈદિક વિરાસત મહોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીધામમાં દિનાંક ૨૭ થી ૩૧ - ૨૦૨૩ સુધી પાંચ દિવસનો વૈદિક વિરાસત રજત જયંતી મહોત્સવ ઉજવાઈ ગયો.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત ગાંધીધામમાં આવેલ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ સ્થાપનાને પચીસ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી - વૈદિક વિરાસત ઉત્સવ તા.૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૫ દિવસ ઉજવવામાં આવ્યો. ઉત્સવની શુભ








શરૂઆત ભુજ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી નિરશમુક્તદાસજી ઉપમંહત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પૂજ્ય કોઠારી પાર્ષદ જાદવજી ભગત, ગુરુકુળના સંચાલક પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજી આદિ વડીલ સંતો તથા યજમાનશ્રીઓના હસ્તે કરવામાં આવી હતી.

પોથીયાત્રા એવં નગરશોભાયાત્રા - આ ઉત્સવમાં દેશ-વિદેશથી તેમજ ગુરુકુળના પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ અને વાલીગણ સહિત મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિમાં મહોત્સવના આરંભે સંતોના હસ્તે નગરયાત્રાનો

પ્રારંભ થયો હતો. પોથીયાત્રામાં ચંદ્રયાન, વંદેભારત ટ્રેન, અયોધ્યા રામમંદિર, સ્ટેચ્યુ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ, સહિતની વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. માર્ગમાં ગુરુકુળ પ્રવેશ દ્વારનું ઉદ્‌ઘાટન મહંત સ્વામી તથા દાતાશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે અનેક સંતો અને મહેમાનોની ઉપસ્થિતિમાં ભુજ મંદિરના મહંત સ્વામી તથા મુક્તવલ્લભદાસજીની હસ્તે દિપ પ્રાગટ્ય કરી આરંભ કરાયો હતો. સૌ પ્રથમ વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યાર પછી મહંત સ્વામીએ આશીર્વચન દ્વારા જણાવ્યું હતું કે પચીસ વર્ષથી ગુરુકુળનું સફળ સંચાલન કરતા સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજીને ધન્યવાદ છે કે જેમણે સદ્વિદ્યાથી જ્યોત પ્રજ્વલીત રાખીને બાળકોમાં શિક્ષણની સાથે સનાતન વૈદિક સંસ્કાર આપી રહ્યા છે. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ વૈદિક વિરાસત અંગે વાત કરતાં કહ્યુ હતું કે વૈદિક વિરાસત ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કારોને સાથે લઈને ચાલે છે. ગુરુકુળ માનવજીવનના આદર્શોનું શિક્ષણ આપે છે. તેથી આજના આધુનિક સમયમાં ગુરુકુળમાં અંગ્રેજી માધ્યમમાં પણ સંસ્કાર ભારતીય જ અપાય છે. એટલે જ આ મહોત્સવને વૈદિક વિરાસત નામ આપવામાં આવ્યું હોવાનું કહ્યું હતું.

પ્રથમ દિવસે મહંત સ્વામી સહિત મોટી સંખ્યામાં સંતો, સાંખ્યયોગી બહેનો, દેશ-વિદેશમાં રહેતા પૂર્વ વિદ્યાર્થીઓ, દાતાશ્રીઓ, વાલીઓ તથા ગુરુકુળના આચાર્ય સહિત તમામ શિક્ષકગણ હાજર રહ્યા હતા. પ્રથમ સત્રના વક્તાશ્રી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારી દાસજીએ ભગવાન શ્રીસ્વામિનારાયણની સમાજસુધારણાનો ઈતિહાસ તથા શૈક્ષણિક અને આરોગ્યનાં કાર્યોની સુંદર કથા કરી હતી. ત્યારપછી પુરાણી સ્વામી મહાપુરુષદાસજીએ સભાને આશીર્વાદ આપ્યા હતા અને વિદ્યાર્થીઓ સંગીતની સાથે સુંદર નૃત્યનો કાર્યક્રમ રજુ કર્યો હતો. રાત્રીના સત્રમાં



શ્રીહરિએ સમાજમાં ચાલતા કૂરીવાજો બંધ કરાવ્યા હતા તેનાં વિષે નાટીકા વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.

બીજા દિવસના પ્રથમ સત્રમાં પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ મંદિરો શા માટે ? તેના વિષે અતિ મનનીય કથા કરી હતી. આજના દિવસે સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, તથા સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. બન્ને વડીલ સંતોએ જણાવ્યું હતું કે વૈદિક વિરાસત ભારતીય એટલે ભારતીય પરંપરાને સાથે લઈને ચાલી શકાય. આધુનિક શિક્ષા સાથે ભારતીય સંસ્કારનું પણ સિંચન થાય તે જ આ ગુરુકુળનો મુખ્ય ઉદ્દેશ છે. સત્રના અંતે વિદ્યાર્થીઓએ ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમ રજું કર્યો હતો. બીજા સત્રના પ્રારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય પ્રસ્તૃત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પાર્ષદ ખીમજી ભગત દ્વારા યુવાન શું ન કરી શકે ? આ દૃષ્ટીબીંદુ વિષય ઉપર પ્રેજન્ટેશન રજુ કર્યું હતું.

ત્રીજા દિવસે પ્રથમ સત્રમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ નૃત્યગીત અને વ્યસનમુક્તિ ઉપર નાટક રજું કર્યું હતું. આજના સત્રના વક્તા પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી રહ્યા હતા. જીવાત્માને મોક્ષનું દ્વાર કેવી રીતે ઉઘાડું થાય તેનાં વિશે શાસ્ત્રોનાં અનેક પ્રમાણો અને ઉદાહરણો આપીને સરસ કથા કરી હતી. તેમજ ગુરુકુળ વિષે વાત કરતાં કહ્યું હતું કે, શિક્ષણ, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિનું કેન્દ્ર એટલે ગુરુકુળ. આવાં ગુરુકુળથી બાળક દેશ માટે સાચો નાગરીક, માતા-પિતા માટે સાચો પુત્ર, ગુરુ માટે સાચો શિષ્ય અને ભગવાન માટે સાચો ભક્ત બને છે. અંજારથી પધારેલ શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે ભુજ મંદિર દ્વારા નવ ગુરુકુળો અને છાત્રાલયો ચાલે છે જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓનું ઘડતર થઈ રહ્યું છે. સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદમાં કહ્યું હતું કે ગુરુકુળમાં ભણેલ વિદ્યાર્થી સંસ્કાર લઈને બહાર આવે છે ત્યારે વ્યસન મુક્ત, પ્રમાણિક અને સેવાભાવી થાય છે. તેથી તે સ્વયં સુખી થાય છે અને પરિવારને પણ સુખી કરે છે. ત્યાપાછી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ માતૃ-પિતૃ પૂજન વિષે પ્રેજન્ટેશન દ્વારા સંદેશો આપ્યો હતો. ત્યારપછી વિદ્યાર્થીઓએ દેશભક્તિનું ગીત રજૂ કર્યું હતું. આજે રાત્રીમાં વિશાળ અને ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય ગાયક ઉમેશ બારોટ રહ્યા હતા. હાજરોની સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. પુરુષો વિભાગમાં ચાર રાસ અને બહેનોના વિભાગમાં સાત રાસ થયા હતા. આજ ના દિવસે સાત હજારથી વધુ ભક્તોએ ભોજનરૂપ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ચોથા દિવસના પ્રથમ સત્રમાં પુરાણી સ્વામી હરિમુકુન્દદાસજીએ કથા સંભળાવીને શ્રોતા જનોને ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યુ હતુ. આજે ભુજ મંદિરથી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. તેમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે ગાંધીધામ ગુરુકુળ એક સફળ સદ્‌વિદ્યાનું કેન્દ્ર બન્યું છે અને હજારોની સંખ્યામાં જ્યારે વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે ત્યારે ભુજ મંદિરને ગૌરવ થાય કે એક નાનું બીજ વાવેલું જે આજે વટવૃક્ષ બનીને સમાજ અને દેશને શીતળ છાંયો આપી રહ્યું છે. પાર્ષદ જાદવજી ભગત પણ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે સંતોની અથાગ મહેનતથી શિક્ષણ અને સંસ્કાર યુક્ત ગુરુકુળમાં વિદ્યાર્થીઓ ભણીને સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે. ત્યારપછી ભુજથી પધારેલ સૌ સંતો મળીને ગુરુકુળનું સફળ સંચાલક કરનાર પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી તથા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીનું પુષ્પમાળા અને શાલ પહેરાવીને સન્માન કર્યું હતું. ત્યારપછી વિદ્યાર્થીઓએ પીરામીડના દાવ અને નૃત્ય રજૂ કહ્યું હતું. બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ દષ્ટિકોણ વિષય ઉપર પ્રેજન્ટેશન દ્વારા જ્ઞાન પીરસ્યું હતું. ત્યાર પછી મ્યુઝીકલ હાઉસી ગેમ રમાડવામાં આવી હતી. જેમાં એકથી પચીસ ઈનામો રાખવામાં આવ્યાં હતાં. જેમાં પ્રથમ ઈનામમાં ટીવી. બીજા ઈનામમાં વોસીંગ મશીન અને ત્રીજા ઈનામમાં ગ્રાઈન્ડર જેવાં કીમતી ઈનામો રાખવામાં આવ્યાં હતાં જેમાં અઢારસો જેટલા વાલીઓ અને ભક્તોએ પોતાનું ભાગ્ય અજમાવ્યું હતું. ભાગ્યશાળીઓએ ઈનામો પણ જીત્યા હતા.

પાંચમા દિવસે ત્રણ સત્રો હતાં. સવારે નવ થી લઈને રાત્રે અગીયાર વાગ્યા સુધી સત્રો ચાલ્યાં હતાં. પ્રથમ સત્ર સવારે નવ વાગ્યે વક્તાશ્રી પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી મંગલાચરણ સાથે શરૂ કર્યું હતું. આજે સવારના સત્રમાં કચ્છ ચોવીસી, વાગડ તથા અબડાસાના ગામોમાંથી બહુ મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. ભુજ મંદિરેથી મહંત સ્વામી સહિત ઉપમહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. કચ્છ ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ તથા તેમની સાથે મોટી સંખ્યામાં ગામ-ગામથી સાં.યો. બહેનો પધાર્યા હતા. કથા પૂર્ણ થતાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. ત્યારપછી ઉપમહંત સ્વામીએ સભાને આશીર્વાદ પાઠવ્યા હતા. દાતાઓને

તથા મહેમાનોને પુષ્પમાળા પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. બપોરના બે વાગ્યે ગુરુકુળમાં સેવા આપતા તથા વિદ્યાલયના પ્રિન્સીપાલ સહિત તમામ વર્તમાન તથા પૂર્વ શિક્ષકોને મંચ ઉપર બોલાવીને તેમનું ટ્રષ્ટીઓએ સન્માન કર્યું હતું અને શિક્ષકોએ પોતાના અનુભવો રજુ કર્યા હતા. ત્યારપછી કથાનો પ્રારંભ થયો હતો અને કથા પૂર્ણ થતાં પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીએ ગુરુકુળના સંચાલનમાં મારું કોઈ યોગદાન નથી હું તો માત્ર નિમિત્ત છું, પરંતુ આ બધું ભગવાન ચલાવે છે એવું ભગવદ્ ગીતામાં કહેલ શ્રીકૃષ્ણ અને અર્જુનની કથા સંભળાવી હતી. ત્યારપછી ગુરુકુળના ટ્રસ્ટીશ્રી કિરણભાઈ આહિરે વિદ્યાલયના શિક્ષણ વિષે પોતાનો અનુભવ કહ્યો હતો અને ગુરુકુળનો પ્રોગ્રેસ રીપોર્ટ રજુ કર્યો હતો. ત્યારપછી પધારેલ પૂર્વ વિદ્યાર્થીઓએ સૌ સાથે મળીને પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીને સાઠ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે સાઠ હજારના રકમનો ચેક ગુરુકુળને અર્પણ કર્યો હતો. સૌ પૂર્વ વિદ્યાર્થીઓ સાથે મળીને સંચાલક સંતોનું પૂજન કર્યું હતું. સત્રના અંતે બાળકો દ્વારા માતા-પિતાનું પૂજન કરવામાં આવ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ શિક્ષકોનું પૂજન કર્યું હતું અને શિક્ષકોએ ગુરુ એટલે સંતોનું પૂજન કર્યું હતું. અંતમાં પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ દરેક વિભાગમાં સેવા આપતા સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો અને બીજા સત્રને પૂર્ણ કરવામાં આવ્યું હતું. આજે આઠ હજારથી અધિક લોકોએ ભોજન પ્રસાદ સ્વીકાર્યો હતો. રાત્રે આઠ વાગ્યે ત્રીજું સત્ર શરુ થયું હતું જે માત્ર મહિલાઓ માટેનું હતું. મહિલા મંચ જેમાં ભુજથી પધારે સાં.યો.બહેનોએ પ્રેજન્ટેશન દ્વારા નારી ધર્મનો મહિમા અને આવશ્યકતા વિષે કહ્યું હતું. ગુરુકુળમાં અભ્યાસ કરતી બાલિકાઓ દ્વારા સુંદર નૃત્ય અને નાટક રજું કર્યું હતું. રાત્રે અગિયાર વાગ્યે સત્રની સમાપ્તિની સાથે ગુરુકુળ રજત જ્યંતી વૈદિક વિરાસત ઉત્સવની સમાપ્તિ જાહેર કરવામાં આવી હતી.

આ ઉત્સવની તૈયારીમાં સંચાલક સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી બાલમુકુન્દદાસજી, પાર્ષદ દિનેશ ભગત, સ્વામી નારાયણદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજી આદિ સંતોએ સંભાળી હતી. રસોડાની સંપૂર્ણ સેવા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ સંભાળી હતી.

અહેવાલ - ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને અને એસ.એસ.જી.એમ. સ્કૂલ (C.B.S.E.) અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે પ્રખર ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં ઉજવાતા રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ વિજ્ઞાન મેળાની સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમજ વિજ્ઞાન મેળામાં પ્રયોગ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો.

એન.સી.સી. ગ્રુપના નેતૃત્વ હેઠળ યુ.ટી.એફ. ટીમ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ એન.સી.સી. કોચ રામસિંહ સોઢાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ સ્વામિનારાયણ વિદ્યાલય ભુજ આયોજિત વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી હતી. જેમાં વિજ્ઞાનના મહત્ત્વના સિદ્ધાંતો પર કાર્ય કરતા પ્રોજેક્ટ અને પ્રયોગો નિહાળ્યા હતા. ત્યારબાદ ભુજ રિજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. જેમાં જુદી જુદી ગેલેરીઓ જેવી કે 'સૌર ઊર્જા', 'બોનલાઈ પદ્ધતિ', 'નેનો ટેક્નોલોજી', 'ગણિત ગેલેરી' વગેરે રસપૂર્વક નિહાળી હતી. સાથોસાથ મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનના જીવન સંઘર્ષો વર્ણવતી તેમજ તેમના ગણિત પરની કાબેલિયત દર્શાવતી ટૂંકી બાળ ફિલ્મ નિહાળી પ્રેરણા મેળવી હતી. આ ઉપરાંત તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલ કેટલાક ગાણિતિક કોયડાઓની જુદી જુદી ટ્રિક્સ ગમ્મત સાથેના જ્ઞાન દ્વારા મેળવી હતી.

શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ વિજ્ઞાન

પ્રવાહ દ્વારા આયોજિત વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓએ ‘વાહન વ્યવહાર અને પ્રત્યાયન’ તેમજ ‘કચરામાંથી વિદ્યુત ઉર્જા ઉત્પાદન’ સિદ્ધાંતો પર કામ કરતી કૃતિ તૈયાર કરી વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. જેમાં શ્રીસહજાનંદ ગુરુકુળ સંચાલિત પુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમનો પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો. જેમાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓનું પૂજનીય સંતો દ્વારા ટ્રોફી સહ પ્રમાણપત્રો સાથે સન્માન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન મેળામાં વિજ્ઞાન શિક્ષક નિખિલભાઈ પોમલ,હાર્દિકભાઈ વ્યાસ જોડાયા હતા. જેમાં વિજ્ઞાન શિક્ષકો નિખિલભાઈ પોમલ, ફાલ્ગુનીબેન પટેલ તથા ભાવિકાબેન હિરાણીનું માર્ગદર્શન સાંપડ્યું હતું.

સંચાલક સંતો શા.સ્વામી આનંદસ્વરૂપ દાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. આચાર્ય મદનસિંહ ચાવડા તથા હાર્દિકભાઈ વ્યાસનું માર્ગદર્શન સાંપડ્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત સ્વામિનારાયણ વિદ્યાલય ભુજ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત આ વિદ્યાલયના પટાંગણમાં આજરોજ ભુજ તાલુકાનું વિજ્ઞાન પ્રદર્શન તેમજ શાળા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, મુખ્ય કોઠારી મુરજીભાઈ શીયાણી, સંચાલક શા.સ્વામી હરિવલ્લભદાસજી સહ સંચાલક સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી, આદરણીય શ્રીત્રિકમભાઈ છાંગા સાહેબ (ધારાસભ્યશ્રી અંજાર) શિક્ષણ નિરિક્ષક શ્રીવિનોદભાઈ પરમાર, મદદનીશ શિક્ષણ નિરીક્ષક દિપિકાબેન પંડ્યા તેમજ શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળ અને શ્રીસ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના તમામ ટ્રસ્ટીગણ દ્વારા દીપ પ્રાગટ્ય તથા વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવેલ.







ભુજ તાલુકાની તમામ શાળાના વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રદર્શન નિહાળી શકે તે હેતુથી બસોની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવેલ હતી. જેથી કરીને જીલ્લામાંથી ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રદર્શન નિહાળી કાર્યક્રમની શોભા વધારી હતી. ત્યારબાદ શાળાની ત્રણે પાંખના વિદ્યાર્થીઓ તેમજ જિલ્લાની ૧૭ જેટલી માધ્યમિક શાળાઓ દ્વારા ૫૦ ઉપરાંત ગણિત-વિજ્ઞાન વિષય સાથે અદ્‌ભુત કૃતિઓ દર્શાવી હતી. સાથે સાથે ભુજ સ્થિત “લોક વિજ્ઞાન કેન્દ્ર” અને “રીજીયોનલ સાયન્સ સેન્ટર” એ પણ ભાગ લઈ ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરેલ હતી. પ્રદર્શનમાં ભાગ લેનાર દરેક શાળાને પ્રમાણપત્ર અને શ્રેષ્ઠ કૃતિઓને મોમેન્ટોથી પુરસ્કૃત કરવામાં આવેલ અને

આગામી બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને આ શાળા દ્વારા નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ ધોરણ-૧૦ ના પેપરસેટ ભુજ તાલુકાના તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ.

આ ઉત્સવ પ્રસંગે પધારેલ ભુજ મંદિરના પાર્ષદ જાદવજી ભગતે પ્રાસંગિક ઉદ્બોધન કરતા વિદ્યાર્થીઓની ખંત, મહેનત અને ક્ષમતાઓને બિરદાવી તથા ભુજ મંદિર વતી જોઈતી તમામ સગવડો પુરી પાડવા તત્પરતા દર્શાવી હતી.

પધારેલ વિશેષ અતિથી અંજાર વિધાનસભાના ધારાસભ્ય શ્રીત્રિકમભાઈ છાંગા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પૂજ્ય સંતોના આશીર્વાદ થક્કી મેં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ શાળા હરહંમેશ સ્વાર્થરહિત જીવન ઘડતર કરી જીવનલક્ષી શિક્ષણ આપે છે તેવું જણાવી સંસ્થા પ્રત્યે આદરભાવ રજૂ કર્યો હતો.

કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએથી પધારેલ શિક્ષણ નિરીક્ષક શ્રીવિનોદભાઈ પરમારે આ શાળાના વિજ્ઞાન પ્રવાહ વિભાગને ૧૫ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં યોજીત વિજ્ઞાન પ્રદર્શનની સરાહના કરતા શુભેચ્છાઓ પાઠવી હતી.

રામપર-વેકરા ગુરુકુળનાં સંચાલક શા.સ્વામી દેવચરણદાસજીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આવા પ્રદર્શનો થકી જ ભવિષ્યના વૈજ્ઞાનિકો તૈયાર થાય છે.

ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં છેલ્લા ૧૫ વર્ષથી ઉચ્ચ ગુણાંક સાથે પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ.

વાર્ષિક ઉત્સવ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, તલવાર રાસ, પદ્ય નાટક, માઈમ, ઢોલવાદન વગેરે રજૂ કરવામાં આવ્યા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળેલ. જેમાં સંકુલના ટ્રસ્ટીઓ, આચાર્યશ્રીઓ તથા શિક્ષકગણ દ્વારા વિજ્ઞાન પ્રદર્શન તેમજ વાર્ષિક ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

## શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમીની જિલ્લા કક્ષાની બાળપ્રતિભા શોધમાં ગૌરવભરી જીત

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ભુજ પ્રેરિત જિલ્લા કક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૩-૨૪ તા.૧૧-૧-૨૦૨૪ શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી (શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર), ભુજ ખાતે યોજાયેલ. જેમાં સ્પર્ધાઓમાં મેળવેલ સ્થાન નીચે મુજબ છે.

- ભજન (ખુલ્લો વિભાગ) હિરાણી માધવી રમેશચંદ્ર, પ્રથમ, દેવૃત્તિબેન ગઢવી
- લગ્નગીત (બ વિભાગ) ખેતાણી આયુષી વી., પ્રથમ, દેવૃત્તિબેન ગઢવી
- ચિત્રકળા (બ વિભાગ) પ્રજાપતિ કાવ્યા ધર્મેશકુમાર, દ્વિતીય, કુમુદબેન ભુડિયા
- નિબંધ (અ વિભાગ) વેકરીયા દૃષ્ટિ પી., તૃતીય, સુનિતાબેન હિરાણી
- સર્જનાત્મક (અ વિભાગ) ખેતાણી મહિમા ધનજીભાઈ, તૃતીય, કુમુદબેન ભુડિયા
- લગ્નગીત (અ વિભાગ) ગોર હીર સુનિલભાઈ, તૃતીય, દેવૃત્તિબેન ગઢવી
- લોકગીત (ખુલ્લો વિભાગ) હિરાણી માધવી રમેશચંદ્ર, તૃતીય, દેવૃત્તિબેન ગઢવી
- લોકનૃત્ય (ખુલ્લો વિભાગ), તૃતીય, ઉર્જાબેન તન્ના, રિદ્ધિબેન ભટ્ટ
- સર્જનાત્મક (અ વિભાગ) હિરાણી હેત્વી વાલજીભાઈ, તૃતીય, કુમુદબેન ભુડિયા

## રાજ્યકક્ષાની રગ્બી ફૂટબોલ એસોસીએશનમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી કચ્છનું ગૌરવ વધાર્યુ

રગ્બી ફુટબોલ એસોસીએશન ગુજરાત દ્વારા ગાંધીનગર મુકામે તા.૧૨-૧-૨૦૨૪ ના રોજ રાજ્યકક્ષાની રગ્બી ફુટબોલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છ જિલ્લા વતી અમારી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની ટીમે




ભાગ લઈને સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને શાળા તેમજ કચ્છ જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન તથા વિજેતા દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઈફઈ તથા સાંખ્યયોગી બહેનો, સંસ્થાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ સ્ટાફ પરિવારે બિરદાવી હતી.

## શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ માંડવી મધ્યે વાર્ષિકોત્સવ સહ શાકોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

આજરોજ તા.૩૧-૧૨-૨૦૨૩ ના રોજ શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ માંડવી મધ્યે વાર્ષિકોત્સવ સહ શાકોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

કાર્યક્રમનો પ્રારંભ પૂજ્ય સંતોના વરદ્હસ્તે દીપ પ્રાગટ્યથી કરાયો હતો. શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીના પૂ. સદ્ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામિનારાયણ મંદિર રાપરના સદ્ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, ભુજ




મંદિરના કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોડાય એવં મથલ ગુરુકુળના શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, પુ.સ્વામી પ્રભુજીવનદાસજી તથા અન્ય ધામોથી પધારેલ સંતોનું સંસ્થાના સંચાલક સંતશ્રીઓ ટ્રસ્ટીશ્રીઓ એવં વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પમાળા અર્પણ કરી બેન્ડપાર્ટીના સથવારે પરેડ દ્વારા ભવ્ય સ્વાગત પૂજન કરવામાં આવ્યું હતું.

માંડવી શ્રીસ્વામિનારાયણ મંદિરથી પધારેલા સમસ્ત સાંખ્યયોગી બહેનોનું સ્વાગત પૂજન કરવામાં આવ્યું હતું.

વક્તા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શાકોત્સવની કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજીની વિશિષ્ટ એવં પ્રેરક ઉપસ્થિતિમાં સંતોના વરદ્હસ્તે શાકનો વઘાર આપવામાં આવ્યો હતો.

શાળાના પ્રાથમિક એવં માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વચનામૃત એવં વક્તવ્ય, નૃત્ય, નાટક, તલવાર રાસ, પિરામિડ જેવા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવન



દાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી.સ્વામી)એ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં વાર્ષિક પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓનું તથા શાળાકીય પ્રવૃત્તિઓ, રમત-ગમત, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, ક્રિકેટ અને અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં શાળા-તાલુકા-જિલ્લા-રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એવમ્ મોમેન્ટો સંતોના વરદ્‌હસ્તે આશીર્વાદ સહ અર્પણ કરવામાં આવ્યા હતા.

આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી પ્રાથમિક વિભાગ ધોરણ ૧ થી ૮ (કુમાર-કન્યા) કો-એજ્યુકેશનનો પ્રારંભ કરવાની જાહેરાતની સાથે ધોરણ ૧ થી ૧૨ સુધી આપણા બાલ-બાલિકાઓ આ સંસ્થામાં અભ્યાસ કરી શકશે એવું સંસ્થાના સંચાલક શા.સ્વામી સંતસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું. સાથે સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં શરૂઆતના પ્રથમ વર્ષમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવનાર કુમાર-કન્યાને સંપૂર્ણ મફત શિક્ષણ આપવામાં આવશે એવું સંચાલકશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ શિક્ષણ ક્ષેત્રના તથા રાજકીય અધિકારીશ્રીઓ એવમ્ માંડવી તેમજ આજુબાજુના વિસ્તારના સમસ્ત હરિભક્તો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સમગ્ર વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તથા સંપૂર્ણ કાર્યક્રમ નિહાળી ભોજનરૂપી મહાપ્રસાદના સહભાગી બન્યા હતા.

માંડવી વિસ્તારના હરિભક્તો કર્મયોગી બહેનો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સ્વંયસેવકોએ રસોડા વિભાગમાં રોટલા ઇત્યાદિ ભોજન સામગ્રી નિર્માણની સેવા આપી હતી.

શાકોત્સવ એવં વિદ્યાર્થીઓના પ્રોત્સાહન હેતુ આપવામાં આવેલ દાનનો સહર્ષ સ્વીકાર કરી દાનવીર દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલો હતો.

સંસ્થાના સંચાલક શા.સ્વામી સંતસ્વરૂપ દાસજી, સહ સંચાલક સ્વામી હૃદયપ્રકાશદાસજી તથા સ્વામીવ્યાસમુનિદાસજીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રીદિલીપસિંહ જાડેજા તથા માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક વિભાગના આચાર્ય શ્રીસોલંકી સાહેબ તથા ગૃહપતિ શ્રીઅરવિંદભાઇ વેકરીયાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રીજગદીશભાઇ મહેતાએ કર્યું હતું.

અહેવાલ - આચાર્યશ્રી સંસ્કારધામ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ખોખરા (ચંદ્રનગર) શાકોત્સવની ઉજવણી

જગદ્‌ગુરુ રામાનંદ સ્વામી તથા ભગવાન સ્વામિનારાયણ પ્રસાદી સ્થાન એવા ગામ ચંદ્રનગર (ખોખરા)માં શાકોત્સવ ઉજવાયો.

વાગડ વિસ્તારમાં વરસોથી જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની જ્યોત જગાવી તેવા સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આ પ્રસંગે હરિભક્તોના આગ્રહથી ખાસ પધાર્યા હતા. તેઓની પ્રેરણાથી ગામ માંડવીના પ.ભ. શીવજીભાઇ હરજીભાઇ વેકરીયા સપરિવાર આ શાકોત્સવના મુખ્ય યજમાનપદે હતા. શાકોત્સવમાં સેવા કરવા માટે માંડવીથી ખાસ હરિભક્તો અને બહેનો પધાર્યા હતા.

આ પ્રસંગે હરિભક્તોના આગ્રહથી અંજાર મંદિરથી વયોવૃદ્ધ સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી,







સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી અને સ્વામી સત્યપ્રકાશદાસજી પધાર્યા હતા. શાકોત્સવ લીલાની કથા સ્વામી સત્યપ્રકાશદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં સંભળાવી હતી. વડીલ સંતોના હસ્તે શાકનો વઘાર આપવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં ૩૫૦થી વધારે હરિભક્તો પધાર્યા હતા. સત્સંગ-આશીર્વચનનો લાભ લીધો હતો.

આ શુભ પ્રસંગે ગામ માનકુવાના પ.ભ. મનજીભાઈ શીવજીભાઈ ગોરસીયાએ સત્સંગ અર્થે ખોખરા મંદિરને ક્વોલિસ ગાડી ભેટ અર્પણ કરી હતી. જે બદલ ટ્રસ્ટીશ્રીઓ તથા ભક્તોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર ખોખરાના માધ્યમે ગામમાં સત્સંગનો ખૂબ વિકાસ થઈ રહ્યો છે. જેમાં બાલ-બાલિકા મંડળ, યુવતી મંડળનના ઉત્સાહી ભક્તજનો દ્વારા કુષ્ણ જન્મ, અન્નકૂટ ઉત્સવ, વાર્ષિક પાટોત્સવ અને શાકોત્સવ જેવા ઉત્સવ ઉજવી લોકોને સત્સંગમાં જોડી ખૂબ વિકાસ કરવામાં આવી રહ્યો છે. વિશેષમાં શ્રીઠાકોરજી માટે તાજા ફૂલોનાં હાર માટે ગુલાબનો મોટો બગીચો પણ બનાવવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુમનભાઈ પટેલે કર્યું હતું.

અહેવાલ - કરણાભાઈ ટી. રબારી

## જય શ્રીરામના જયઘોષ સાથે ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતોનું ભક્તોને જમાડવા માટે અયોધ્યા તરફ પ્રયાણ

## તા.૨૧ થી ૨૮ દરમિયાન ચાલનારા ભંડારામાં એક લાખ લોકો માટે ભોજન પ્રસાદનું આયોજન

સમગ્ર દેશમાં રામ જન્મભૂમિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ તહેવારનો માહોલ જામ્યો છે. ત્યારે શરૂઆત અયોધ્યા મંદિરને સંલગ્ન જે જે કાર્યક્રમોનું સંચાલન થતું ત્યારથી ભુજ સ્વામિનારાયણ મંદિરે તમામ કાર્યો અને કાર્યક્રમોમાં સેવાકીય રીતે સહભાગી રહ્યું છે. ખુદ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીએ ભુજ મંદિરના તાબા હેઠળના તમામ દેશ અને વિદેશના મંદિરોમાં તા.૨૨ ના રોજ ધામધૂમથી ધર્મભક્તિ અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે શોભાયાત્રા તેમજ દીપોત્સવ મહોત્સવની જેમ ઉજવવા લેખિત સ્નેહ સંદેશો પાઠવ્યો છે.

તીર્થક્ષેત્ર અયોધ્યા શ્રીરામ જન્મભૂમિ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના અવસર પર સમગ્ર સનાતની સમાજ આનંદિત છે. કારણ કે સનાતન ધર્મ માટે આ મૂર્તિ પ્રતિષ્ઠા ખૂબ જ મોટો અવસર છે. અયોધ્યા નગરીમાં ભગવાન શ્રીરામનું નવું મંદિર બન્યું છે. દેશ-વિદેશના લોકોને રામ જન્મભૂમિ પર ભગવાનનાં દર્શન કરવાનો અવસર મળ્યો છે. આ કાર્ય માટે આપણા હજારો









ભક્તોએ સેંકડો વર્ષો સુધી ધૂન, ભજન, પ્રાર્થના, સાધના કરી છે. તો કેટલાક શૂરવીર ભક્તોએ પોતાનાં જીવન સમર્પિત કરી દીધાં છે.

અયોધ્યા મંદિર બને તે માટે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર શ્રીનરનારાયણ ભગવાનની કૃપા, પૂજ્ય મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સમય સમય પ્રમાણે વડિલ, યુવાન વિદ્વાન સંતોએ આપ સૌના સાથ અને સહકારથી સમય સમય પ્રમાણે બહુ જ મોટું યોગદાન આપેલ છે.

તથા જનજાગૃતિ, ઈંટ પૂજન, જલ માટી કુંભ અર્પણ, ધનરાશી સંગ્રહણ, રામાયણ પાઠ પારાયણ, રામાયાણ યાત્રા, અક્ષત કળશ પૂજન અને વિતરણ આદિ અનેક કાર્યો કર્યા છે.

આ વખતે તીર્થક્ષેત્ર અયોધ્યામાં શ્રીરામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના મંગલ અવસર પર ભુજ મંદિર દ્વારા પુજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ વડિલ સંતોના માર્ગદર્શીય સંકલ્પ સાધના અને આજ્ઞાને અનુસરી અયોધ્યા મધ્યે શ્રીરામ જન્મભૂમિ મંદિરથી હનુમાનગઢી જતાં માર્ગમાં દંતધાવન કુંડ આવે છે, તેના કિનારા દંતધાવન કુંડઆચારી મંદિર અને ગુજરાતી ભવન આવેલ છે. ત્યાં ભંડારા માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દરરોજ ૧૦ હજાર જેટલા ભક્તો ભોજન પ્રસાદ લેશે તેવું આયોજન કરેલ છે.

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર સંચાલિત આ સ્વામિનારાયણ ભંડારો તા.૨૧ થી શરૂ થઈને તા.૨૮ સુધી ચાલશે. આ સમય દરમિયાન એક લાખ રામભક્તો પ્રસાદ લે તેવું આયોજન અને ધારણા છે. યુવાન સંતોના નેતૃત્ત્વમાં ૭ સંતો અને ૪૫ જેટલા હરિભક્તો અયોધ્યા જઈ રહ્યા છે.

આ ભંડારા-ભોજનાલયની સેવા માટે સંપૂર્ણ રાચરચીલું ભુજથી લઈને જતાં સંતોમાં શાસ્ત્રી પાર્ષદ માવજી ભગત, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, પુરાણી સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી નારાયણદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, કોઠારી પાર્ષદ દિનેશ ભગત વગેરે સંતો પ્રસ્થાન કરી રહ્યા છે.

આ પ્રસંગે ભુજ મંદિરના મહંત સ્વામી

ધર્મનંદનદાસજીએ સંતોને આશીર્વચન સાથે આશીર્વાદ પાઠવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, ભંડારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, મંદિરના વહીવટી કોઠારી મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઇ ગોરસીયા, સલાહકાર રામજીભાઇ વેકરીયા તથા સેવાભાવી સ્વયં સેવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ભુજ મંદિરને શ્રીરામ જન્મભૂમિ મંદિરે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનું આમંત્રણ અપાયું

સમગ્ર દેશ જયારે શ્રીરામ નામના રંગે રંગાવા જઇ રહ્યું છે ત્યારે કચ્છમાં પણ સંતો સાથે ભક્તોમાં પણ રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અંગે અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. આજરોજ શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે રામ જન્મભૂમિ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ આજરોજ સ્થાનિક મહાનુભાવોએ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, વરિષ્ઠ સંતો, પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવન દાસજી, સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી, કોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી દેવચરણદાસજી વગેરે સંતો, વહીવટી કોઠારી મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઇ ગોરસીયા, મંદિરના સલાહકાર રામજીભાઇ વેકરીયા, સંઘના પ્રાંત સેવા પ્રમુખ નારાણભાઇ વેલાણી, વિભાગ સંઘ સંચાલક



હિંમતસિંહ વસણ, વિભાગ કાર્યવાહ રવજીભાઇ ખેતાણી, વિશ્વ હિન્દુ પરિષદના અર્જુનભાઇ મહેશ્વરી તથા જયેન્દ્રભાઇ ભાટીયા વિગેરેની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવેલ.

આ આનંદના અવસરને ભુજ શહેર અને ચોવિસીના મંદિરોમાં ઉત્સવની રીતે ઉજવાય તે રીતે આયોજન કરવા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ લેખિત સંદેશો મોકલી દેશ-વિદેશમાં વસતા હરિભક્તોને આ ઉત્સવ દરમિયાન ધાર્મિક ક્રિયાઓ સાથે દાન-પુણ્ય સાથે ઉજવવા શ્રીભગવાનનો રાજીપો મળેથી લોકોનું જીવન સુખમય અને આરોગ્યલક્ષી બની રહે તેવા શુદ્ધ ભક્તિભાવથી અયોધ્યા નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના ઐતિહાસિક મંગલ અવસરને સત્સંગ અને ભક્તિ સાથે આનંદ અને ઉત્સાહથી વધાવીએ. તે માટે તે દિવસે ઘરને શણગારીએ, આંગણે રંગોળી કરીએ, સિંહાસનમાં, પાણિઆરે, તુલસી કયારે, ડેલીએ, ગોખલીયે દીવાઓ કરી, આંબા અને આસોપાલવના પાનથી શણગાર કરીએ.

બજારોમાં કેસરી અથવા ભગવા ધજા પતાકા વાવટા બાંધીએ, મૂર્તિ પ્રતિષ્ઠાના દિવસે સવારે દરેક ગામમાં ઠાકોરજીને રથ અથવા પાલખીમાં પધરાવી વાજતે ગાજતે ઉત્સવ કરતા આપણા ગામમાં નગરયાત્રા કરવી. તદુપરાંત ગામમાં આવેલ દરેક મંદિરોને રૂડી રીતે શણગારીએ, તેમાં ધજા-પતાકા વાવટા બાંધીએ, રાત્રે દિપમાળા અને મહાઆરતીનો કાર્યક્રમ કરવામાં આવશે. સૌ સાથે મળી રામાયણના સુંદરકાંડ અને રામાયણના પાઠનું આયોજન, પ્રસાદ વિતરણ કરીએ.

આ દિવસે ગામમાં ગાયો-ભેંસોને ચારો, કુતરાને રોટલા, પક્ષીઓને ચણ અને કિડિયારું પુરવું વગેરે કાર્યક્રમ હાથ ધરવા દેશ-વિદેશના હરિભક્તોને આહ્વાન કરાવામાં આવ્યું છે. જ્યારે ભુજ મંદિરની વાત કરીએ તો, તા.૨૨-૧-૨૦૨૪ ના રોજ ભુજમાં ભગવાન શ્રીરામચંદ્રજીનું પૂજન, સુંદરકાંડ યાગ,

સુંદરકાંડ પાઠ, અન્નકૂટ, ભવ્ય નગર રથયાત્રા, દિપોત્સવ અને મહાઆરતીનું આયોજન ભુજ સ્વામિનારાયણ મંદિરે કરવામાં આવશે. ભગવાન શ્રીરામચંદ્રજીની ભવ્ય રથયાત્રા સાંજે ૩-૩૦ વાગ્યે મહાદેવનાકાથી બસ સ્ટેશ, વાણિયાવાડનાકાથી ઈન્દિરાબાઇ પાર્ક થઇ જ્યુબિલિ (સ્વામિનારાયણ) સર્કલ થઇ નૂતન મંદિર પહોંચશે જ્યાં દિપોત્સવ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્વે ધર્મપ્રેમીઓને ભુજ મંદિર તરફથી ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું. અને ઉપરોક્ત દરેક પ્રસંગોમાં બહોળી સંખ્યામાં ભુજ નગરવાસીઓ ઉપસ્થિત રહી રામમય થવા પ્રયત્ન કર્યો હતો. મંદિરને ધ્વજા-પતાકાઓ-વાવટાઓ દ્વારા શણગારવામાં આવ્યું હતું. તા.૨૨ ના બપોરે ૧૨ ને ૨૯ મિનિટે અભિજીત નક્ષત્રમાં અયોધ્યામાં જે સમયે પ્રાણપ્રતિષ્ઠા થઇ તોજ સમયે ભગવાન શ્રીનરનારાયણાદિ દેવોની આરતી કરવામાં આવી હતી.

### કરવા છતાં આપણે અજાણ હતા. અજાણે પણ સહયોગી થવાનો અવસર સાંપડ્યો.

આજે એસ.પી. કોલેજમાં યોજાયેલ રામરક્ષા વાંચન કાર્યક્રમમાં અભિનેતા રાહુલ સોલાપુરકરે એક વાર્તા સંભળાવી જે કોઇને ખબર નથી. કોર્ટના ૨૦૧૯ના નિર્ણય બાદ જ્યારે અયોધ્યાના શ્રીરામ મંદિરનું નિર્માણ શરૂ થયું ત્યારે શ્રીરામલલ્લાની મૂર્તિને જે વિસ્તારમાં આવેલ અસ્થાયી મંદિરમાં સ્થળાંતરિત કરવી પડી હતી. આ માટેનો સમય માર્ચ ૨૦૨૦ નક્કી કરવામાં આવ્યો હતો. તે જ સમયે સમગ્ર ભારતમાં કોરોનાની શરૂઆત થઇ ગઇ હતી. જેના કારણે રામલલ્લાની શોભાયાત્રામાં કોઇ ભાગ લઇ શક્યું ન હતું. અને યોગી આદિત્યનાથ શ્રીરામલલ્લાને સંગીતના સાધનો સાથે લઇ ન શકતાં ચિંતિત હતા. તેમણે મોદીજીને બોલાવ્યા અને કહ્યું કે શ્રીરામજીની શોભાયાત્રા જોરશોરથી આયોજિત થવી જોઇએ. પછી મોદીજીએ કહ્યું કે તેઓ તે જોઇ લેશે.... અને તે દિવસ હતો ૨૫ મી માર્ચ ૨૦૨૦, ગુડી પડવો. તે દિવસે દેશના તમામ લોકોને થાળી, ઘંટા વગાડવાનું અને ભગવાન પાસે દીવો પ્રગટાવવાનું કહેવામાં આવ્યું હતું. અને તે દરમિયાન યોગી આદિત્યનાથે પોતે શ્રીરામલલ્લાની પૂજા શરૂ કરી. મૂર્તિને તેના માથા પર પધરાવી ૫ મહંતો અને ૩-૪ સુરક્ષા ગાર્ડ સાથે ૧.૩ કિ.મી. ચાલ્યા અને તે સમયે આખા દેશવાસીઓ થાળી વગાડી રહ્યા હતા. પરંતુ કોઇને તેના વિશે સહેજ પણ ખ્યાલ નહોતો. બાદમાં મોદીજીએ આદિત્યનાથને પુછ્યું કે શું અયોધ્યામાં ૧૦૦ કરોડ લોકોને લઇને આટલા બધા સંગીતના સાધનો સાથે સરઘસ કાઢવામાં આવ્યું હોત. ખાસ વાત એ છે કે આસ્તિક અને નાસ્તિક બંને થાળી વગાડી રહ્યા હતા.

### અક્ષત જે અયોધ્યાથી અમારા ઘરે આવ્યા છે તેનું શું કરવું ?

સાચો જવાબ એ છે કે આમંત્રણની આપણી પ્રાચીન પરંપરાનું પાલન કરવું વધુ યોગ્ય રહેશે. પીળા ચોખા(અક્ષત) જે આપણે લગ્નનના આમંત્રણ પત્રિકા સાથે આપીએ છીએ તે શુભકામના-આશીર્વાદ-અભિનંદન તરીકે અગ્નિની પરિક્રમા લેતી વખતે વર-કન્યા પર છાંટવા જોઇએ. પરંતુ આજકાલ કોઇ એવું કરતું નથી કારણ કે આ પ્રથા વિશે કોઇ જાણતું નથી. લગ્નમંડપમાં તેને અકબંધ રાખવો એ તેની એક વ્યવસ્થા છે.

આ પરંપરા અનુસાર આ અક્ષતોનો મુખ્ય હેતુ તમને અયોધ્યા આવવાનું આમંત્રણ આપવાનો છે. હવે તમામ આમંત્રિતો લોકો ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા આવવાના નથી. તેથી જ્યારે પણ તમારે ભવિષ્યમાં જવું હોય ત્યારે આ અક્ષતને તમારી સાથે લઇ જાઓ અને ભગવાન શ્રીરામની મૂર્તિને અર્પણ કરો. ત્યાં સુધી તેમને સુરક્ષિત રાખો. આ માટે તમારા ઘરના મંદિરથી વધુ યોગ્ય કોઇ સ્થાન નથી. સંકલ્પ રાખો આપણે સૌ જલ્દી જ આપણા પરિવાર સાથે ભગવાન શ્રીરામના દર્શન કરવા મુક્તિ ભૂમિ અયોધ્યામાં ચોક્કસ આવીશું.

જેઓ આ કરી શકતા નથી તેઓ શું કરી શકે ? પ્રથમ તે અખંડ અને આશીર્વાદિત હોવાથી તમે તેને તમારા પૂજા રૂમમાં કાયમીરૂપે રાખી શકો છો. અને ભગવાન શ્રીરામના પ્રતિક તરીકે દરરોજ તેની પૂજા કરી શકો છો જે અયોધ્યાથી આવ્યા છે. આપણી તિજોરીમાં પણ રાખી ધનભંડારને અખંડ રાખી શકીશું.

જે આ પણ ન કરી શકે તે શું કરે ? ૨૨ જાન્યુઆરીએ પ્રાણપ્રતિષ્ઠાના સમયે તેણે તેના ઘર અથવા નજીકના કોઈપણ મંદિરમાં કોઈપણ ભગવદ્‌સ્વરૂપ મૂર્તિને અર્પણ કરવું જોઈએ જેથી તે ફરીથી તેના મૂળ દૈવી સ્વરૂપમાં વિલિન થઈ જશે તે સરળ છે.

## અયોધ્યામાં સ્થિત શ્રીરામ મંદિરનો ૫૦૦ વરસનો ઇતિહાસ

વર્ષ ૧૫૨૮ મુગલ સમ્રાટ બાબરના કમાન્ડર મીર બાકીએ મંદિર ઉપર મસ્જિદ બનાવી હતી. આ અંગે હિન્દુ સમુદાય દાવો કર્યો હતો કે આ સ્થાન ભગવાન શ્રીરામનું જન્મ સ્થળ છે. અને અહીં એક પ્રાચીન મંદિર હતું. હિન્દુ પક્ષ અનુસાર ભગવાન રામનું જન્મ સ્થળ ગુંબજની નીચે હતું. બાબરી મસ્જિદમાં ત્રણ ગુંબજ હતા.

૧૮૫૩-૧૯૪૯ ના વર્ષોથી ૧૮૫૩ માં આ સ્થળની આસપાસ પ્રથમ રમખાણો થયા હતા. ૧૮૫૯ માં બ્રિટીશ વહીવટીતંત્રે વિવાદિત સ્થળની આસપાસ વાડ ઊભી કરી. મુસ્લિમોને સ્ટ્રકચરની અંદર પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. અને હિન્દુઓને બહાર પ્લેટફોર્મ પર પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

વર્ષ ૧૯૪૯ વાસ્તવિક વિવાદ ૨૩ ડિસેમ્બર ૧૯૪૯ના રોજ શરૂ થયો. જ્યારે મસ્જિદમાંથી ભગવાન શ્રીરામની મૂર્તિઓ મળી આવી. હિન્દુઓએ કહ્યું કે ભગવાન શ્રીરામ પ્રગટ થયા છે. જ્યારે મુસ્લિમોએ આરોપ લગાવ્યો છે કે કોઈએ રાત્રે ચુપચાપ ત્યાં મૂર્તિઓ મૂકી હતી. યુ.પી. સરકારે પ્રતિમાઓને હટાવવાનો આદેશ આપ્યો હતો. પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) કે.કે. નાયરે રમખાણો અને હિન્દુ લાગણીઓને ભડકાવવાના ડરથી આ આદેશનું પાલન કરવામાં અસમર્થતા દર્શાવી હતી. સરકારે તેને વિવાદિત માળખું ગણીને તેને તાળું મારી દીધું.

વર્ષ ૧૯૫૦ ફૈઝાબાદ સિવિલ કોર્ટમાં બે અરજીઓ દાખલ કરવામાં આવી. તેમાંથી એકમાં શ્રીરામલલ્લાની પૂજા કરવાની પરવાનગી માંગવામાં આવી હતી અને બીજીમાં ભગવાન શ્રીરામની મૂર્તિને વિવાદિત ઢાંચામાં રાખવાની મંજૂરી માંગવામાં આવી હતી. ૧૯૫૯ માં નિર્મોહી અખાડાએ ત્રીજી અરજી દાખલ કરી.

વર્ષ ૧૯૬૧ યુપી સુન્ની વકફ બોર્ડ વિવાદિત સ્થળનો કબજો મેળવવા અને મૂર્તિઓ હટાવવાની માંગ કરતી અરજી દાખલ કરી.

વર્ષ ૧૯૮૪ માં વિશ્વ હિન્દુ પરિષદે વિવાદિત માળખાના સ્થાને મંદિર બનાવવા માટે એક સમિતિની રચના કરી.

વર્ષ ૧૯૮૬ યુ.સી. પાંડેની અરજી પર ફૈઝાબાદ જિલ્લા ન્યાયધીશ કે.એમ. પાંડે ૧ ફેબ્રુઆરી ૧૯૮૬ ના રોજ હિન્દુઓને પૂજા કરવાની મંજૂરી આપતા બંધારણ પરના તાળાઓ દૂર કરવાનો આદેશ આપ્યો.

૬ ડિસેમ્બર ૧૯૯૨ વી.એચ.પી. અને અન્ય હિન્દુ સંગઠનોના લાખો કાર્યકરો વિવાદિત માળખું તોડી પાડ્યું. દેશભરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. જેમાં હજારો લોકો માર્યા ગયા હતા.

વર્ષ ૨૦૦૨ ગોધરામાં હિન્દુ કાર્યકર્તાઓને લઈને જતી ટ્રેનને આગ ચાંપવામાં આવી હતી. જેમાં ૫૮ કારસેવકો શહીદ થયા હતા. જેના કારણે ગુજરાતમાં રમખાણોમાં હજારો લોકો માર્યા ગયા હતા.

સુપ્રિમ કોર્ટના પાંચ જજોની બેન્ચે ૯ નવેમ્બર ૨૦૧૯ ના રોજ રામ મંદિરની તરફેણમાં પોતાનો

ચુકાદો આપ્યો હતો. હિન્દુ પક્ષ અનુસાર ૧૫૨૮ માં મુગલ સમ્રાટ બાબરના કમાન્ડર મીર બાકીએ મંદિર તોડીને બાબરી મસ્જિદ બનાવી હતી.

વર્ષ ૨૦૧૦ અલ્હાબાદ હાઈકોર્ટે તેના નિર્ણયમાં વિવાદિત સ્થળને સુન્ની વકફ બોર્ડ, રામ લલ્લા વિરાજમાન અને નિર્મોહી અખાડા વચ્ચે ૩ સમાન ભાગોમાં વહેંચવાનો આદેશ આપ્યો હતો.

વર્ષ ૨૦૧૧ સુપ્રિમ કોર્ટે અયોધ્યા વિવાદ પર અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી.

વર્ષ ૨૦૧૭ સુપ્રિમ કોર્ટે કોર્ટની બહાર સમાધાન માટે હાકલ કરી.

૮ માર્ચ ૨૦૧૯ સુપ્રિમ કોર્ટ આ કેસને આર્બિટ્રેશનમાં મોકલ્યો. પેનલને ૮ અઠવાડિયામાં કાર્યવાહી પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું

ઓગષ્ટ ૧ ૨૦૧૯ મધ્યસ્થી પેનલે રિપોર્ટ સબમિટ કર્યો.

ઓગષ્ટ ૨ ૨૦૧૯ સુપ્રિમ કોર્ટે કહ્યું કે મધ્યસ્થી પેનલ કેસ ઉકેલવામાં નિષ્ફળ રહી.

૬ ઓગષ્ટ ૨૦૧૯ સુપ્રિમ કોર્ટમાં અયોધ્યા કેસની દૈનિક સુનાવણી શરૂ થઈ.

૧૬ ઓકટોબર ૨૦૧૯ અયોધ્યા કેસની સુનાવણી પૂર્ણ થઈ. સુપ્રિમ કોર્ટ નિર્ણય અનામત રાખ્યો.

૯ નવેમ્બર ૨૦૧૯ સુપ્રિમ કોર્ટની પાંચ જજોની બેન્ચે રામ મંદિરની તરફેણમાં ચુકાદો આપ્યો. હિન્દુ પક્ષને ૨.૭૭ એકર વિવાદિત જમીન મળી છે. મસ્જિદ માટે અલગથી ૫ એકર જમીન આપવાનો આદેશ.

૨૫ માર્ચ ૨૦૨૦ લગભગ ૨૮ વર્ષ પછી રામ લલ્લા તંબુમાંથી નિકળી ફાઈબર મંદિરમાં શિફ્ટ થયા.

રામ મંદિરના ઈતિહાસમાં ૫ ઓગષ્ટ ૨૦૨૦ નો દિવસ સુવર્ણ અક્ષરોમાં નોંધાયેલો છે. ૧૫૨૮ થી ૨૦૨૦ સુધીના ૪૯૨ વર્ષના ઈતિહાસમાં ઘણાં વળાંક આવ્યા. કેટલાક માઈલસ્ટોન પણ પાર કર્યા હતા. અયોધ્યા જમીન વિવાદ મામલો દેશના સૌથી લાંબા સમયથી ચાલતા કેસોમાંનો એક છે.

૫ ઓગષ્ટ ૨૦૨૦ રામ મંદિરનું ભૂમિપૂજન કાર્યક્રમ પી.એમ. નરેન્દ્ર મોદી, આર.આર.એસ.ના સરસંઘચાલક મોહન ભાગવત, યુપીના સી.એમ. યોગી આદિત્યનાથ અને સંતો-મહંતો સહિત ૧૭૫ લોકોને આમંત્રણ અપાયાં હતાં.

## માંડવી મંદિરમાં ઉજવાયેલ વિવિધ કથા-પારાયણો

શ્રી વિદુરનીતિ કથા : તાઃ-૧૫-૧૨-૨૩ થી ૧૯-૧૨-૨૩ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર



માંડવીમાં વિદુરનીતિ પંચાહ્ પારાયણ મહોત્સવનું આયોજન ગામ પિયાવાના અ.નિ. વાલજીભાઈ માવજીભાઈ કેરાઈ અ.નિ.માતૃશ્રીઅમરબાઈની પુણ્યસ્મૃતિમાં કરવામાં આવ્યું હતું. યજમાન પદે



સુપુત્ર પ.ભ. શીવજીભાઈ વાલજીભાઈ કેરાઈ ધ.પ.રામબાઈ પુત્ર સામજીભાઈ ધ.પ.પ્રેમીલાબેન સપરિવાર રહ્યો હતો. કથાના વક્તા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજમાન થઈને વિદુરનીતિના માધ્યમથી પારિવારીક સુખની વ્યાખ્યા કરીને હરિભક્તોને કથા-વાર્તાથી રસતરબોળ કર્યા હતા. કથામાં પધારેલા યજમાન પરિવારને તેમજ શ્રોતાઓને દરરોજ વડીલ સંતોએ આર્શવાદ આપ્યાહતા. જેમાં શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી તથા મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ યજમાન પરિવારની શ્રીનરનારાયણદેવ પ્રત્યે રહેલી દઢ નિષ્ઠાને તથા સત્સંગમાં કરેલાં સમર્પણને બિરદાવ્યું હતું. કથાના



અંતે યજમાન પરિવાર દ્વારા શ્રીઘનશ્યામ મહારાજને સુવર્ણની કંઠી તથા બુટ્ટી અર્પણ કરવામાં આવી હતી.

શ્રીમદ્ ભાગવત કથા : તાઃ ૧૭-૧૨-૨૩ રવિવાર થી ૨૧-૧૨-૨૩ ગુરુવાર સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર નાગલપરમાં શ્રીમદ્‌ભાગવત પંચાહ્ન પારાયણનું દિવ્ય આયોજન ગામ નાગલપરના અ.નિ કાનજીભાઈ મનજી પિંડોરીયાની પુણ્ય સ્મૃતિમાં હસ્તે ગં.સ્વ. અમરબાઈ સુપુત્ર નારણભાઈ તથા શાંતિલાલભાઈ આદિ પીંડોરીયા પરિવાર દ્વારા સંગીતના સથવારે કરવામાં આવ્યું હતું. કથાના વક્તા પુ.સ્વામી ભક્તિવિહારીદાસજી વ્યાસાસન ઉપરબિરાજમાન



થઈને સુંદર શૈલીમાં ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માના ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજીએ વક્તાશ્રીને સાથ આપીને કથાને સુમધુર કરી હતી. કથા દરમ્યાન દરરોજ ભુજ-અંજાર તથા પ્રસાદી મંદિર તથા ગુરુકુલોથી મોટી સંખ્યામાં સંતો પધારીને યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાનના આમંત્રણને માન આપીને મોટી સંખ્યામાં કચ્છ ચોવિશીમાંથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. દરરોજ સવારના સત્રમાં માંડવી મંદિરથી મોટી સંખ્યામાં સાંખ્યયોગી બહેનો પધારીને યજમાન પરિવારના બહેનોને કથાવાર્તાનો લાભ આપતાં હતાં. કથાના અંતમાં માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાનું સંપૂર્ણ સંચાલન શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા પુ.સ્વામી કેશવપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

શ્રીમદ્ ભાગવત દશમઃ સ્કંધ કથા : તાઃ-૨૦-૧૧-૨૩ સોમવાર થી ૨૪-૧૨-૨૩ શુક્રવાર સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર કોડાયમાં શ્રીમદ્ ભાગવત અંતર્ગત દશમઃ સ્કંધ પંચાહ્ન પારાયણનું દિવ્ય આયોજન ગામ કોડાયના અ.નિ કિશોરભાઈ ખીમજી રાબડીયાની પુણ્ય સ્મૃતિમાંહસ્તે ગં.સ્વ.મંજુલાબેન રાબડીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. કથાના વક્તા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી વ્યાસાસન ઉપર બિરાજમાન થઈને સુંદરશૈલીમાં ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માના ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. કથા



દરમ્યાન દરરોજ અલગ-અલગ મંદિર તથા ગુરુકુલોથી સંતો પધારીને યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. દરરોજ સવારે માંડવી મંદિરથી મોટી સંખ્યામાં સાંખ્યયોગી બહેનો પધારીને યજમાન પરિવારના બહેનોને કથાવાર્તાનો લાભ આપતાં હતાં. કથાના છેલ્લા દિવસે મંદિરના પટ્ટાંગણમાં પિતૃઓના કલ્યાણને માટે નારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુદેવો મંત્રોચ્ચાર કરીને યજમાનો દ્વારા આહુતીઓ અપાવી હતી. સવારના ૯-૦૦ વાગ્યે સંતોના વરદ્‌હસ્તે યજ્ઞ પુર્ણાહૂતીનું નારીયેર હોમવામાં આવ્યું હતું. કથાના અંતમાં માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાનું સંપૂર્ણ સંચાલન શા.સ્વામી વિશ્વવલ્લભદાસજીએ સંભાળ્યુંહતું.

માંડવીમાં ઊજવાયો આશાણી પરિવાર દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન મહોત્સવ : માંડવી મંદિરના મહંતસ.ગુ.લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ.ગુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા શા.સ્વામી વિશ્વવલ્લભ દાસજી તથા પુ.સ્વામી અદ્ભૂતચરણદાસજી આદિ સંતોની આજ્ઞા તથા આશાર્વાદથી તા-૨૪-૧૨-૨૩ થી ૨૯-૧૨-૨૩ સુધી માંડવી આશાણી વીલા વાડીમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના યજમાન પદે ગં.સ્વ.સામબાઈ મનજી આશાણી હ.સુપુત્ર મેઘજીભાઈ મનજી આશાણી સપરિવાર રહ્યો હતો. તાઃ-૨૪-૧૨-૨૩ રવિવારના સવારે ૮-૦૦ થી બપોરે ૨-૦૦ વાગ્યા સુધી સાંખ્યયોગી બહેના દ્વારા માંડવી ચારેકાંધાની યુવતી મંડળની શિબિરનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦૦ દીકરીઓ ભાગ લઈને ધન્યતા અનુભવી હતી. બપોરપછી ૩-૩૦ વાગ્યે ભૂતનાથ મહાદેવના મંદિરના પરિસરમાંથી સત્સંગિજીવન કથાની પોથીયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંતો તથા યજમાન પરિવારના સભ્યો દ્વારા સદાશીવના સાનિધ્યમાં વ્યાસપોથીજીનું મંત્રોચ્ચાર સાથે પૂજન તથા આરતી કરવામાં આવી હતી. ત્યારપછી વાગજે-ગાજતે બેન્ડપાર્ટીના સુરો સાથે ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી. યજમાન પરિવારની બહેનોએ કચ્છ ચોવીશી-અબડાસામાંથી પધારેલાં સાંખ્યયોગી બહેનો તથા માંડવી મંદિરના તમામ સાંખ્યયોગી બહેનોની ઉપસ્થિતિમાં મસ્તક ઉપર પોથી ધારણ કરીને સભામંડપ સુધી લાવ્યાં હતાં. અંતમાં શા.સ્વામી વિશ્વવલ્લભદાસજીએ કથા દરમ્યાન પાળવાના નિયમનું પ્રાસંગિક પ્રવચન કરીને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા-૨૫-૧૨-૨૩ અને સોમવારના પવિત્ર દિવસે સવારે ભૂદેવો દ્વારા ગણેશ પૂજન, કથાનું સ્થાપન પૂજન તથા વક્તાનું પૂજન કરાવીને કથાની શુભ શરુઆત કરી હતી. પ્રથમ દિવસના વક્તા શા.સ્વામી પતિતપાવનદાસજીએ વ્યાસાસને બિરાજમાન થઈને સત્સંગિજીવનના માહાત્મ્યની કથાનું સુંદર શ્રવણ કરાવ્યું હતું. બપોરપછી કથાના વક્તા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈને સત્સંગિજીવન કથાનો પ્રારંભ કરાવ્યો હતો. હિમાલયથી કથાનો પ્રારંભ કરાવીને એક પછી એક કથાના પ્રસંગો કહેતા શ્રીનરનારાયણદેવના પ્રાગટ્યની કથા તથા મહિમાની કથા કરીને હરિભક્તોને રસતરબોળ કર્યા હતા. બરાબર સાંજે ૫-૦૦ વાગ્યે કથાઅંતર્ગત ભવ્ય રીતે શ્રીનરનારાયણદેવનો પ્રાગટ્ય મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. હિંડોળામાં શ્રીનરનારાયણદેવને



ઝુલાવીને સંતો-યજમાનોએ પુષ્પવૃષ્ટિ કરીને પૂજન કર્યુ હતું. યજમાન પરિવારની ઈચ્છાથી કથા અંતર્ગત સત્સંગિજીવનની ત્રણ સંહિતાપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ્વામી મુક્તમુનિદાસજી તથા સ્વામી જ્ઞાનપ્રિયદાસજી તથા સાંખ્યયોગી બહેન રહ્યાં હતા.

તા-૨૬-૧૨-૨૩ સોમવાર કથાના બીજા દિવસે મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યાહતા. ચાલતા કથા પ્રસંગમાં બપોરપછી શ્રીઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ અતિધામ ધૂમથી ઊજવવામાં આવ્યો હતો. ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી આ ધૂનની સાથે ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ જન્મોત્સવના કિર્તનો ગાઈને હરિભક્તોને રાસ રમાડીને રસતળબોળ કર્યા હતા. કથાના અંતમાં સંતો તથા યજમાનો દ્વારાભગવાનનું પૂજન તથા પ્રાગટ્યની આરતી કરવામાં કરવામાં આવી હતી. કથાના ત્રીજા દિવસે શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજી વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈને ભગવાન શ્રીનીલકંઠવર્ણીના દિવ્ય ચરિત્રો સંભળાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. કથાના અંતર્ગત બપોરપછી ૫-૦૦ વાગ્યે ભગવાન શ્રીનીલકંઠવર્ણી જગન્નાથપુરીમાં પધાર્યા ત્યારે રાજાએ રથયાત્રા કાઢીહતી એ કથાની ઝાંખી કરાવતો હોયને એવો માંડવીમાં સહુ પ્રથમવાર ભવ્ય રથયાત્રા મહોત્સવ કરવામાં આવ્યો હતો. ભગવાન શ્રી નીલકંઠવર્ણીને શ્રીકૃષ્ણ-દાઉજી તથા સુભદ્રા બહેનની સાથે શણગારેલા રથમાં બિરાજમાન કરીને વાજતે-ગાજતે "જય જય જગન્નાથ" ના નારા બોલીને યજમાન પરિવારના ભક્તો તથા તપોવનધામથી પધારેલા વિદ્યાર્થીઓ દ્વારા રથને ખેંચીને કથામંડપમાં લાવ્યા હતા. પધારેલા ભગવાનનું સંતોએ પૂજન-અર્ચન તથા આરતી કરીને પુષ્પે વધાવ્યા હતા. કથાનાઅંતમાં ભુજધામથી પધારેલા ઉપમહંત સ્વામી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપીને અ.નિ.દાદા રામજીબાપાને યાદ કરીને તેમનેમંદિરમાં કરેવી સેવાને બીરદાવી હતી.

તા-૨૭-૧૨-૨૩ નાં સાંજે રાત્રી સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે કોડાય ગુરુકુલના સંચાલક શા.સ્વામી કૃષ્ણજીવનદાસજીએ વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈને સ.ગુ.મુક્તાનંદ સ્વામી રચિત આ અવસરે રે દયાળુ બહુ દયા કરી રે..કિર્તન વિવેચનની કથા કરીને ભગનાન કેટલા દયાળુ છે એના શાસ્ત્રો આધારિત પ્રસંગો કહીને ભગવાનની દયાના પાત્ર બનવાની પધારેલા માંડવી ચારેકાંધાના યુવાન મિત્રોને શીખ આપી હતી.

તા.૨૮-૧૨-૨૩નાં સાંજે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં પધારેલા હરિભકતોને ભુજધામથી પધારેલા સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ નંદ સંતો રચિત કીર્તનો ગાઈને રાસમાં રસતળબોળ કર્યા હતા. રાસમાં પધારેલા હરિભક્તોને સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને રાસની અંતમાં સમૂહ આરતી કરવામાં આવી હતી.



કથાના પાંચે દિવસ ભુજ-અંજાર-પ્રસાદી મંદિર તથા ભુજ મંદિર સંચાલિત તમામ ગુરુકુલોથી જુદા-જુદા સંતો પધારીને યજમાન પરિવારને પ.ભ.રામજીબાપાએ માંડવી પ્રસાદિ મંદિરમાં દરરોજ કચરો ખણીને મંદિર સાફ કરવાની કરેલી સેવાને બિરદાવીને રૂડા આશીર્વાદ આપ્યા હતા.યજમાન પરિવારના આમંત્રણને માન આપીને કચ્છ ચોવિશી તથા અબડાસામાંથી મોટી સંખ્યામાં સાંખ્યયોગી બહેનો પધારીને કથામાં અભિવૃદ્ધિ કરી હતી. માંડવી ચારેકાંધાના હરિભક્તો દરરોજ કથામાં પધારીને કથા શ્રવણનું સુખ તથા ભોજનરૂપ પ્રસાદનો મહા આનંદ પ્રાપ્ત કર્યો હતો. કથાના અંતિમ દિવસે ભુજધામથી પધારેલા મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ આશાણી પરિવારના તમામ સભ્યોને મંદિરવતી પહેરામણી કરીને નિર્વ્યસની બની, ભુજ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન થઈને સત્સંગ કરવાની આજ્ઞા કરી હતી. યજમાન પરિવાર કથાથી ખુશ થઈને માંડવી મંદિર માંદર્શન આપતાં રાધીકાજીને સોનાનું મંગળસૂત્ર ભેટ કર્યું હતું. સાથે મંડળના શ્રીહરિકૃષ્ણ મહારાજને પણ સોનાનો નાના હાર ભેટ કરીને ધન્યતા અનુભવી હતી. સમગ્ર કથા પ્રસંગને સફળ બનાવા માટે તથા કથા અંતર્ગત ઉજવાયેલા પ્રસંગોને યાદગાર બનાવા માટે સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાજી તથા શા.સ્વામીકૃષ્ણવલ્લભદાસજી તથા કો.સ્વામી શ્રીજીનંદનદાસજી આદિ મંડળના સર્વે સંતો તથા પાર્ષદો એવં યુવાન હરિભક્તોએ તથા માંડવી મંદિરના તમામ સાંખ્યયોગી બહેનોએ બહુજ જહેમત ઉઠાવી હતી. કથાનું સમગ્ર સંચાલન શા.સ્વામી દેવચરણદાસજીએ સુચારુ રીતે સંભાળ્યું હતું.

માંડવી મંદિરમાં ઊજવાયો અનુપમ શાકોત્સવ :માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની પ્રેરણાથી ગુરુ સ્વામી શ્રીઘનશ્યામજીવનદાસજીની કૃપા તથા માતા-પિતાની પ્રસન્નતાર્થે ધનુર્માસના અંતિમ દિવસે તાઃ-૧૪-૦૧-૨૪ રવિવારના પવિત્ર મકરસંક્રાંતિના ગામ ભારાપરના પ્રેમજીભાઈ લક્ષ્મણ હાલાઈ તથા કલ્યાણભાઈ લક્ષ્મણ હાલાઈ સપરિવારના યજમાનપદે પ્રતિવર્ષ ઉજવાતા શાકોત્સવ કરતા કાંઈક અલગ અંદાજમાં વૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજના દરબારમાં ભવ્ય અનુપમ શાકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જાણે લોયાના સુરાખાચરના દરબારમાં બેઠા હોઈએ એવો રૂડો આબેહુબ દરબારગઢ તથા રીતસર જુનું ગામડું તેયાર કરવામાંઆવ્યું હતું. સહજાનંદ સભામંડપમાં બનાવેલા દિવ્ય સુરાખાચરના દરબારમાં સવારથી મોટી સંખ્યામાં હરિભક્તોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. ઠાકોરજી આગળ ભવ્ય શેરડી તથા તલસાંકડીનો અન્નકુટ ગોઠવવામાં આવ્યો હતો. ભક્તો, ધનુર્માસનો અંતિમ દિવસ એટલે મકરસંક્રાતિનો દિવસ. વહેલી સવારે ૬-૦૦ વાગ્યે ૮૦ જેટલી ગુહસ્થ બહેનોએ સાથે મળીને પ્રભાતીય ગાતા-ગાતા શાકોત્સવમાં પધારેલા હરિભક્તોને પ્રસાદ માટે ૪૦૦ કીલો લોટના બાજરાના રોટલા બનાવ્યા હતા. ત્યારેપછી બરાબર ૮-૦૦ વાગ્યે સહજાનંદ સભામંડપમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમ રામપર વેકરા તપોવનધામ ગરુકુલથી ૧૫૦ વિધાર્થીઓ તથા કોડાય ગુરુકુલથી ૫૦ વિધાર્થીઓ પધારીને વારાફરતી નૃત્યનારૂપમાં રાસ રમીને ભગવાન તથા સંતોને રાજી કર્યા હતા. ત્યારપછી ૯-૩૦ વાગ્યે ધૂનની સમાપ્તિ કરીને શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસાસને વિરાજમાન થઈને અનુપમ શાકોત્સવની કથાનું અદ્ભૂત રસપાન કરાવીને શાકોત્સવના વધારમાંથી સ્વામિનારાયણ ભગવાને આપણને કુટુંબમાં, પરિવારમાં, સમાજ, મંદિરમાં સંપ-એકતા અને સુહ્રદભાવથી રેવાની મીઠી ટકોર કરી હતી. ૧૦-૦૦ વાગ્યે ચાલતી કથામાં પાલખીમાં બેસીને ઠાકોરજી સાથે ભુજ, અંજાર તથા પ્રસાદી મંદિરથી મોટી સંખ્યામાં સંતોને લઈને મહંત સદ્‌ગુરુ

સ્વામી ધર્મનંદનદાસજીનું આગમન થયું હતું. મહંત સ્વામીના અગમન પછી સુરાખાચર આદિક ભક્તો ચાર ચીરીઓ પાડીને સુધારેલાં વૈતાંકનું ગાડુ ભરીને સભામાં પધાર્યા હતા. એટલે તરતજ અનુપમ શાકોત્સવનો મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા યજમાન પરિવારના ભક્તો દ્વારા શાકનો વઘાર કરવામાં આવ્યો હતો. ત્યારપછી પધારેલા સંતોનું યજમાન પરિવારે પૂજન કર્યું હતું. પધારેલા સંતો પૈકી સ.ગુ.સ્વામી જગતપાવનદાસજી, શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી તથા અંતમાં ભુજ મંદિરમાં મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સર્વે સંતોએ યજમાનશ્રીઓને રૂડા આર્શીવાદ પાઠવ્યા હતા. યજમાન પરિવારના આમંત્રણને માન આપીને કચ્છ ચોવિશી તથા અબડાસામાંથી મોટી સંખ્યામાં સાંખ્યયોગી માતાઓ તથા હરિભક્તો પધાર્યા હતા. શાકોત્સવને સફળ બનાવવા માટે સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી તથા માંડવી મંદિરના કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી આદિક સંતો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. કથાના અંતમાં યજમાન પરિવારનું મહંત સ્વામીના વરદ્‌હસ્તે પહેરામણી કરવામાં આવી હતી. પધારેલા ૪૦૦૦ હરિભક્તોને ગરમા ગરમ બાજરાનાં રોટલા વૈતાકનું શાક તથા ખીચડી-ઘઉંનો શીરો પ્રસાદનારૂપમાં પીરસવામાં આવ્યો હતો. છેલ્લે પ્રતિવર્ષ આવી રીતે ભવ્યતાના રૂપમાં શાકોત્સવ ઉજવાય એવી શીખ લઈને હરિભક્તો છુટા પડ્યા હતા. સમગ્ર શાકોત્સવનું સંચાલન શા.સ્વામી દેવચરણદાસજીએ સંભાર્યું હતું.

શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી- માંડવી

## ગો મહિમા મહોત્સવ

ગો મહિમા મહોત્સવ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ના ઉપલક્ષ્યમાં સત્સંગ અને સમાજ ઘડતરના નરતર પ્રયોગોના કેન્દ્ર સમા તપોવનધામ,



રામપર - વેકરા મધ્યે દિ.૨૭-૦૧-૨૦૨૪, શનિવારના શુભદિને વિદ્યાભારતી શોધ વિભાગ - ગુજરાત પ્રદેશ, શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી - ભુજ, કામધેનુ યુનિવર્સિટી - ગાંધીનગર અને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી - રામપર વેકરાના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રુપાલાની અધ્યક્ષતા અને શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવીના સદ્. મહંત પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, તપોવનધામ પ્રમુખ સદ્. શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, તપોવન ગૌશાળા પ્રમુખ ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી આદિ નાના મોટા સંતોની દિવ્ય ઉપસ્થિતિ તથા વિદ્યાભારતી અને બન્ને યુનિવર્સિટીના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિ અને ગાય વિષય પર એક દિવસીય પરિસંવાદનું સફળ આયોજન સંપન્ન થયું. ભારત અને વિદેશથી પધારેલા પ્રતિભાગીઓએ ગાયને કેન્દ્રમાં રાખી વિવિધ અને અદભુત વિષયો પર સંશોધન પત્રો તૈયાર કરી સમગ્ર આયોજનને સાર્થક પુરવાર કરેલ.




આયોજક :
**શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી**
તપોવનધામ
રામપર - વેકરા તા. માંડવી (કચ્છ), પીન : ૩૭૦ ૪૪૫

આગામી ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી યોજાનાર ત્રિદિવસીય ગો મહિમા મહોત્સવના પ્રથમ મંડાણની આ સ્મૃતિરૂપ આ પરિસંવાદ દેશી ગોવાંશના સંવર્ધન કાર્યમાં ઉત્તમ પાથેય પ્રમાણિત થશે.ગોવ્રતી(દેશી ગાયના જ ઘી, દૂધ આદિનો ઉપયોગ) સંકલ્પ સાથે ગો મહિમા મહોત્સવમાં ગાયને ધર્મ, શાસ્ત્ર, ખેતી, શિક્ષણ, વ્યવસાય આદિ અનેક વિધ સ્વરૂપે ઓળખવાનો અનેરો અવસર સાંપડવાનો છે. કચ્છ પ્રદેશના માલધારીઓ, ગૌશાળા સંચાલકો, શિક્ષકો, સમાજ અગ્રણીઓ આદિને જોડી પરિણામલક્ષી કાર્યને તમામ હરિભક્તોનો તન – મન અને ધનપૂર્વક સહયોગની શ્રદ્ધા જ અમારા સાહસની સીડી છે.





**અયોધ્યા શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે ભંડારો લઈને જતા સંતોને આશીર્વાદ સાથે મોકલાવતા સંતો**



**શ્રી રામચરિત્ર માનસ પારાયણ – અયોધ્યા**



**સુંદરકાંડ પારાયણ – અયોધ્યા**

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રીસ્વામિનારાયણ મંદિર-ભુજ, સીડની ઓસ્ટ્રલિયા

આપણા સીડની મંદિરની સામાન્ય સભા તા.૯-૧૨-૨૩ ના રોજ હતી. જેમાં ગત મીટીંગનો અહેવાલ સભામાં વંચાણો અને બધા હરિભક્તોના રાજીપાથી કાર્યક્રમ આગળ વધ્યો ત્યારબાદ મંદિરના ખજાનચીએ સંસ્થાના વર્ષ જુલાઇ ૨૦૨૨ -જુન ૨૦૨૩ના વાર્ષિક હિસાબોનો અહેવાલ રજૂ કર્યો, જે સભામાં હાજર રહલા સર્વે હરિભક્તોએ આનંદપૂર્વક વધાવ્યો હતો.

ત્યારબાદ અધ્યક્ષશ્રીની રજાથી હાલની કમિટીની નિવૃત્તિ થઇ અને કાર્યવાહક કમિટી ડિસેમ્બર-૨૦૨૩ થી નવેમ્બર ૨૦૨૭ સુધીની નવી કમિટી રજૂ કરવામાં આવી, તેમ નીચે મુજબના હરિભક્તોની વરણી થઇ છે.

- અધ્યક્ષશ્રી ધનજીભાઇ મનજી વરસાણી-બળદિયા.
- ઉપાધ્યક્ષશ્રી નીતિનભાઇ મનજી હિરાણી-માનકુવા.
- મંત્રીશ્રી દિપકભાઇ કાનજી રાબડીયા-બળદિયા.
- ઉપમંત્રીશ્રી સંદિપભાઇ કેસરા વરસાણી-નારાણપુર.
- ખજાનચીશ્રી અશોકભાઇ વિશ્રામ વાલાણી-બળદિયા.
- ઉપ ખજાનચીશ્રી પ્રિતેશભાઇ નારાણ વરસાણી-બળદિયા.
- કોઠારીશ્રી રવિભાઇ શીવજી હાલાઇ.
- સભ્ય(ઉપકોઠારી) શ્રીદિનેશભાઇ લાલજી કેરાઇ-નારાણપુર.
- સભ્ય (મેઇન્ટેનાન્સ) શ્રીહિરેનભાઇ નારાણ વરસાણી-બળદિયા.
- સભ્ય (રસોડા વિભાગ) શ્રીરવજીભાઇ કેસરા વાઘજીઆણી-નારાણપુર.
- સભ્ય (આય ટી-સાઉન્ડ) શ્રીજેન્તીભાઇ રૂડા રાજાણી.
- સભ્ય (ઉ.આય ટી સાઉન્ડ) શ્રીમહેશભાઇ ધનજી વેકરીયા-ઉ.સુખપર.
- સભ્ય (મિડિયા) શ્રીજીતેનભાઇ ધનજી વરસાણી-બળદિયા.
- સભ્ય (યુવક મંડળ ગુજરાતી સ્કુલ) (શ્રીઆશીષાઇ મનસુખ વરસાણી-માનકુવા.
- સભ્ય (ડેકોરેશન) શ્રીઉત્તમભાઇ ગોવિંદ હિરાણી-આ.સુખપર.
- સભ્ય (પાર્કિંગ-સિક્યુરિટી) શ્રીહિતેશભાઇ કેસરા વેકરીયા નારાણપુર.
- સભ્ય (સફાઇ-ગાર્ડન) શ્રીધીરજભાઇ વાઘજી કેરાઇ-રામપુર

ડાયરેક્ટરની ટર્મ્સ ચાલુ પાંચ વર્ષની એમજ છે. (જુન-૨૦૨૩થી મે-૨૦૨૮ સુધી)

- શ્રીનારાણભાઇ મનજી વરસાણી-બળદિયા
- શ્રીકરસનભાઇ શીવજી કેરાઇ-નારાણપર
- શ્રીલક્ષ્મણભાઇ રામજી વેકરીયા-બળદિયા
- શ્રીનાનજીભાઇ પ્રેમજી જેશાણી-બળદિયા
- શ્રીદિનેશભાઇ રવજી જેશાણી-બળદિયા
- શ્રીદિપકભાઇ કાનજી રાબડીયા-બળદિયા
- શ્રીનીતિનભાઇ મનજી હિરાણી-માનકુવા

આ નામાવલિને હાજર રહેલાં સર્વે હરિભક્તોએ આનંદપૂર્વક વધાવી, પછી અન્ય જાહેરાતો કરીને અધ્યક્ષશ્રીની રજાથી આ સામાન્યસભાને શ્રીસ્વામિનારાયણ ભગવાનના જયનાદ ઘોષ કરી અને સમાપ્ત કરી.

અહેવાલ- અધ્યક્ષશ્રી-ધનજીભાઇ મનજી વરસાણી
તથા મંત્રીશ્રી દિપકભાઇ કાનજી રાબડીયા.

# શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-બોલ્ટન (યુ.કે.) મંદિરમાં વાર્ષિક સભાનું આયોજન

દર સાલની માફક આ સાલે આપણા મંદિરમાં વાર્ષિક સભાનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૩ને શનિવારનાં સાંજના કથા બાદ રાખવામાં આવેલ. તેમાં બોલ્ટનમાં રહેતા આપણા સંપ્રદાયના સર્વે સત્સંગી હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ પોતાની હાજરી આપેલી. સભાની શરૂઆતમાં દર સાલની માફક મંદિરનો વાર્ષિક અહેવાલ સાલ-૨૦૨૩ સુધીનો વાંચી સંભળાવવામાં આવેલ. ત્યારબાદ કાર્યવાહી કમીટીની ચુંટણી કરવામાં આવેલ. તેમાં નીચે જણાવેલ હરિભક્તોએ આ વર્ષના સેવાના સદસ્યો બની અને ઠાકોરજીની સેવા કરવાનું બીડું ઝડપેલું છે. તેનાં નામો આ પ્રમાણે છે. પ્રમુખ પદની સેવા :- પ.ભ. પ્રકાશભાઈ શીવજી હાલાઈ ગામ દહીંસરા. ઉપપ્રમુખ :- હરીશભાઈ સામજી વરસાણી ગામ માધાપર. મંત્રીની સેવા :- દેવજીભાઈ વિશ્રામ રામજી ગાંગજીઆણી ગામ દહીંસરા. ઉપમંત્રીમાં :- પ્રવિણભાઈ સામજી વરસાણી ગામ માધાપર. ખજાનચીમાં :- જીતેન્દ્રભાઈ માવજી ખીમાણી ગામ દહીંસરા. ઉપ ખજાનચી :- હરીશભાઈ વાલજી રાઘવાણી ગામ બળદિયા. સલાકાર સભ્યોમાં :- કરસનભાઈ નાનજી હાલારીયા ગામ કેરા. લાલજીભાઈ કરસન ભુડિયા ગામ માધાપર. વિનોદભાઈ શીવજી કેરાઈ ગામ કુંદનપુર. ખીમજીભાઈ વિશ્રામ પિંડોરીયા ગામ માધાપર. ખીમજીભાઈ ગોવિંદ વરસાણી ગામ ભારાસર. મિનેશભાઈ વાગજી હાલાઈ ગામ મેઘપર. અને મંદિરના ટ્રસ્ટીઓમાં નીચે પ્રમાણે જણાવેલ હરિભક્તો સેવા આપશે. ૧-નિતિનભાઈ હિરજી વેકરીયા ગામ સુખપર. ૨-રમેશભાઈ કરસન સોનારા ગામ બળદિયા. ૩-નાનજીભાઈ વિરજી આશાણી ગામ દહીંસરા. ૪-પ્રવિણભાઈ માવજી અરજણ ગામ દહીંસરા. ૫-ખીમજીભાઈ માવજી ખીમાણી ગામ દહીંસરા. આ પ્રમાણે સર્વે કમીટી મેમ્બરો નક્કી કરી અને વરણી કરવામાં આવેલ, ત્યારબાદ સભાનું વિસર્જન કરવામાં આવેલ.

અહેવાલ - પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દેવજીભાઈ વિશ્રામ રામજી ગાંગજીઆણી

---

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૧ | કરસનભાઈ ઝીણાભાઈ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજી ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા |
| ૨૫૧ | નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા) |
| ૫૦૦ | વાલજી મનજી વેકરીયા સ્વામી બદરીશ્વરદાસજીના જન્મ દિવસ નિમિતે - મદનપુર |
| ૧૦૦૦ | મનજી કાનજી કારા, શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે તથા પોતાના ૭૨માં જન્મદિવસ નિમિતે - લંડન-દહીંસરા |
| ૨૫૧ | રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદિયા |
| ૨૦૦ | અ.નિ. નાનજી મનજી વરસાણી, હ. કાન્તી ગોવિંદ થાળ નિમિત્તે - ભક્તિનગર |
| ૨૦૦ | શીયાણી મહેશ નારાણ દેવરાજ ઘેર બેબીના જન્મ પ્રસંગે - ભક્તિનગર |
| ૨૦૦ | શાંતાબેન સામજી ભુવા ૬૦ વર્ષ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મીરજાપર હાલે-મોમ્બાસા |
| ૨૦૦ | અવની સુનિલના લગ્ન પ્રસંગે - મીરજાપર હાલે-મોમ્બાસા |
| ૨૦૦ | દિશીયાના કિશોર ૬ વર્ષ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મીરજાપર હાલે-મોમ્બાસા |
| ૨૦૦ | હસની કિશોર ૧ વર્ષ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મીરજાપર હાલે-મોમ્બાસા |
| ૨૦૦ | ગોંડરીયા પરિવાર, હસ્તે જયોતિબેન શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મીરજાપર |
| ૨૦૦ | નિશાબેન ધનસુખ પિંડોરીયા જન્મ દિવસ નિમિત્તે - માધાપર |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું

આયોજન





**પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪**

**કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

:: મુખ્ય યજમાનશ્રી ::

**અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી મુકુંદપ્રસાદદાસજીની પુણ્ય સ્મૃતિમાં**

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-<br>
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.<br>
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.<br>
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઈઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2024
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2024

## ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર



**મહોત્સવ પ્રારંભ : તા. ૯-૪-૨૦૨૪, મંગળવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠા : તા. ૧૪-૪-૨૦૨૪, રવિવાર**

**મહોત્સવ સમાપન : તા. ૧૫-૪-૨૦૨૪, સોમવાર**